પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩ ૧૪ માર્ચ, ૨૦૧૮, બુધવાર ; ફાગણ વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## છત્તીસગઢમાં નક્સલી હુમલો : નવ જવાન શહીદ

**છત્તિસગઢના સુકમામાં ૧૦૦થી પણ વધુ નક્સલવાદીઓની ટોળકીએ હુમલો કર્યો : સર્ચ ઓપરેશન વેળા સીઆરપીએફના જવાનોને પહેલા આઈઈડી બ્લાસ્ટથી ટાર્ગેટ બનાવ્યા બાદ અંધાધૂંધ ગોળીબાર : સરકાર ફરી એકવખત હચમચી**



સુકમા, તા. ૧૩

છત્તિસગઢના સુકમામાં આજે સર્ચ ઓપરેશનમાં વ્યસ્ત સીઆરપીએફના જવાનો પર માઓવાદીઓ દ્વારા કરવામાં આવેલા છુપા હુમલામાં ઓછામાં ઓછા નવ જવાનો શહીદ થયા છે અને આ હુમલામાં અન્ય છ જવાનો ઘાયલ પણ થયા છે. માઓવાદીઓ દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં ઘાયલ થયેલા જવાનો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જવાનોને પહેલા આઈઈડી બ્લાસ્ટ મારફતે ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. મળેલી માહિતી મુજબ હુમલામાં આશરે ૧૦૦ માઓવાદીઓ હોવાની માહિતી મળી છે.

નક્સલવાદીગ્રસ્ત સુકમાના કિસ્તરામ વિસ્તારમાં બપોરે ૧૨ વાગ્યાની આસપાસ સીઆરપીએફની ૨૧૨ની બટાલિયન પર હુમલો કરવામાં આવ્યો હતો. જવાનો સર્ચ ઓપરેશન માટે જઈ રહ્યા હતા ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો. નક્સલવાદીઓ પહેલાથી જ સંતાયેલા હતા. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે નક્સલવાદીઓને જવાનોના મુવમેન્ટના સંબંધમાં પહેલાથી જ માહિતી મળી ગઈ હતી. નકસવાદીઓએ પૂર્વ આયોજિત હુમલો કર્યો હતો. પીપલ્સ લિબરેશન ગ્રુપનો આ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**પૂર્વ પ્રધાનમંત્રી પર આધારિત ફિલ્મમાં અક્ષય ખન્ના**

હંસલ મહેતાની ફિલ્મ 'ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર'ની શુટીંગ ૩૧ માર્ચથી શરૂ થઈ રહી છે. અનુપમ ખેર આ ફિલ્મમાં પૂર્વ પ્રધાનમંત્રી અને અર્થશાસ્ત્રી મનમોહનસિંહની ભૂમિકા ભજવશે. જ્યારે અભિનેતા અક્ષયખન્ના 'ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' પુસ્તકના લેખક સંજય બારૂની ભૂમિકા નિભાવશે.

**નેપાળ વિમાન દુર્ઘટનામાં પાયલટની ભુલ**

નેપાળના કાઠમંડુમાં સર્જાયેલ વિમાન દુર્ઘટનામાં પાયલટની ભુલને કારણે સર્જાઈ હોવાનો પ્રાથમિક અહેવાલ છે. રનવે બાબતે પાયલટ ભ્રમમાં હોવાથી દુર્ઘટના સર્જાઈ હોવાનું તપાસ ટીમે જણાવ્યુ છે.

**અરૂણાચલના તવાંગમાં ભારે બરફ વર્ષા**

અરૂણાચલ પ્રદેશના તવાંગમાં સોમવારથી ભારે બરફવર્ષા થઈ રહી છે. બરફવર્ષાના કારણે પર્યટકો અને સ્થાનિક લોકો સહિત લગભગ ૬૮૦ લોકો ફસાઈ જતા સેનાએ તેમને બહાર નિકાળવામાં મદદ કરી હતી.

**રેલવે કુલીઓના ડ્રેસ પર આપશે વિજ્ઞાપન**

ખેલાડીઓના ડ્રેસ પર જેમ જાહેરાત હોય છે તેવી જ જાહેરાત હવે રેલવેના કુલીઓના ડ્રેસ પર જોવા મળશે. ભારતીય રેલવેએ આ રીતે કમાણીનો નવો રસ્તો શોધી લીધો છે.

## ક્રિકેટર સમીની પત્નિનું પત્રકારો સાથે ખરાબ વર્તન

**ટીવી ચેનલના કેમેરાને પણ તોડી નાખ્યો : મિડિયા સાથે ખરાબ વર્તનના લીધે હસીન પણ વિવાદમાં**




કોલકાતા,તા. ૧૩

ક્રિકેટર મોહમ્મદ સામી અને તેમના પત્નિ હસીન વચ્ચે વિવાદ હજુ શાંત થઈ રહ્યો નથી. બીજી બાજુ સમીની પત્નિ હસીન મામલામાં મિડિયાની દરમિયાનગીરીથી હવે પરેશાન થઈ ચુકી છે. આજે પત્રકારો સાથે ખરાબ વર્તન પણ કરવામાં આવ્યું હતું. એવો આક્ષેપ છે કે, પ્રશ્ન પુછવામાં આવ્યા બાદ હસીને પત્રકારો સાથે ખરાબ વર્તન કર્યું હતું. આ ઉપરાંત એક ખાનગી ચેનલના કેમેરાને પણ તોડી નાંખ્યો હતો. સમી ઉપર બીજી યુવતીઓની સાથે ગેરકાયદે સંબંધો રાખવાના આરોપ લગાવી ચુકેલી તેમની પત્નિ હસીન સતત મિડિયાના સવાલોનો સામનો કરી રહી છે. કોલકાતામાં પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તે લાલઘૂમ થઈ ગઈ હતી. એક ચેનલના કેમેરાને તોડી પાડવામાં આવ્યો હતો. સોમવારના દિવસે પણ તે ભારે પરેશાન રહી હતી. વકીલ જાકીરે કહ્યું છે કે, મિડિયાના લોકોને સમજવાની જરૂર છે કે પ્રાઈવેટ સ્પેશની બાબત મહત્વપૂર્ણ છે. અમે પોતાના સ્તર પર તમામ બાબતોને સુધારવાના પ્રયાસો કરી રહ્યા છીએ. મિડિયાને પણ લોકપ્રિયતાને લેવાના પ્રયાસ કરવાને બદલે સ્થિતિને હળવી કરવાના પ્રયાસ કરવા જોઈએ.

## યુપી લોકસભા પેટાચૂંટણીનું આજે પરિણામ

**ગોરખપુર અને ફુલપુરની લોકસભા પેટાચૂંટણીના આજે પરિણામ : બન્ને જગ્યાએ ઓછુ મતદાન થતા ભાજપની ચિંતા વધી**

નવી દિલ્હી,તા. ૧૩

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી છે તે ગોરખપુર અને ફુલપુરમાં લોકસભા પેટાચૂંટણીના પરિણામ આવતીકાલે બુધવારના દિવસે જાહેર કરવામાં આવનાર છે. આ પરિણામ પર તમામ રાજકીય પક્ષોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. હાઈ વોલ્ટેજ ચૂંટણી પ્રચાર છતાં મતદાનની ટકાવારી ઓછી રહેતા ભાજપની ચિંતા વધી ગઈ છે. બન્ને સીટો મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ માટે ખુબ ઉપયોગી છે. કારણ કે આ ચૂંટણીને લોકસભાની ચૂંટણી માટે રિહર્સલ તરીકે બણ કેટલાક નિષ્ણાંતો નિહાળે છે. ઉત્તરપ્રદેશની સાથે સાથે બિહારમાં પેટાચૂંટણીના પરિણામ પણ જાહેર કરવામાં આવનાર છે.

ઉત્તરપ્રદેશ અને બિહારમાં પેટાચૂંટણી માટે ૧૧મી માર્ચના દિવસે શાંતિપૂર્ણ માહોલમાં ઓછું મતદાન થયુ હતુ. ગોરખપુરમાં ૪૭.૪૫ ટકા અને ફુલપુરમાં ૩૭.૩૯ ટકા જેટલું ઓછું મતદાન થયું હતું. ૧૨ ટકા ઓછું મતદાન રહ્યા બાદ ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. ૨૦૧૪માં ભાજપે બંને સીટો ઉપર મોટા અંતરથી જીત મેળવી હતી. ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં ફુલપુરમાં ૫૦.૨૦ ટકા અને ગોરખપુરમાં ૫૪.૬૪ ટકા મતદાન થયું હતું. આવતકાલે તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. બિહારમાં અરરિયા લોકસભા સીટ અને ભભુઆ તેમજ જેહાનાબાદ વિધાનસભાની તેમજ ઉત્તર પ્રદેશમાં ફુલપુર, ગોરખપુર લોકસભા બેઠક માટે મતદાન યોજાયુ હતુ. આ પેટાચૂંટણીને મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ માટે અગ્નિ કસૌટી તરીકે પણ ગણવામાં આવે છે.

## વડાપ્રધાનના હસ્તે ટીબી મુક્ત ભારત અભિયાનનો પ્રારંભ

**ટીબી જેવી બિમારી આખી દૂનિયામાંથી નાબૂદ થાય : નરેન્દ્ર મોદી : ભારતમાંથી ટીબીનો અંત લાવવા માટે સરકારે ૨૦૨૫ સુધીની સમય મર્યાદા રાખી**




ન્યુ દિલ્હી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાજધાની દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ટીબી નિર્મૂલન શિખર સમ્મેલનની શરૂઆત કરી. આ કાર્યક્રમ મારફતે ટીબી મુક્ત ભારત અભિયાનનો પણ પ્રારંભ કર્યો. સ્વાસ્થ્ય મંત્રાલય, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, સાઉથ ઈસ્ટ એશિયા રિઝનલ ઓર્ગેનાઈઝેશન તથા સ્ટોપ ટીવીના સહયોગથી આ સમ્મેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે, ટીબીને ૨૫ વર્ષ પહેલા WHO દ્વારા ઈમરજન્સી જાહેર કરવામાં આવ્યું હતું, ત્યારથી તેના વિરૂદ્ધ અભિયાન ચલાવી રહ્યું છે. ભારત પણ ઘના સમયથી ટીવી વિરૂદ્ધ લડાઈ લડી રહ્યું છે. જે રીતે અત્યાર સુધી કામ કરવામાં આવી રહ્યું છે, તેને ફરી એકવાર શરૂ કરવાની જરૂર છે.

વડાપ્રધાને કહ્યું હતું કે, આજનું આ સમ્મેલન ટીબીનો અંત આણવા માટે એક નવો અધ્યાય સાબિત થશે. ટીબીએ જે રીતે દેશની વ્યવસ્થા પર અસર વર્તાવી છે તે જોતા તેના વિરૂદ્ધ

● અનુસંધાન પાન-૭ પર

## આધાર લિન્ક કરવાની સમય મર્યાદા ચુકાદા સુધી વધારાઈ

**બેંક એકાઉન્ટ, મોબાઇલ ફોન તેમજ પોસપોર્ટને આધાર સાથે ફરજિયાત લિંક કરવાની સમય મર્યાદાને વધારાઈ**

નવીદિલ્હી,તા. ૧૩

આધાર લિંક કરવાને લઈને સામાન્ય લોકોને આજે ખુબ મોટી રાહત મળી હતી. સુપ્રીમ કોર્ટે આધાર લિંક કરવાની સમય મર્યાદાને ચુકાદો આવે ત્યાં સુધી લંબાવી દેવાનો આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, આ મામલામાં ચુકાદો આવે ત્યાં સુધી બેંક એકાઉન્ટ, મોબાઈલ ફોન અને પાસપોર્ટની ફરજિયાત આધાર લિંકિંગની સમય મર્યાદાને વધારી દીધી છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચે એમ પણ કહ્યું છે કે, સરકાર ફરજિયાત આધારને લઈને દબાણ લાવી શકે નહીં. સુપ્રીમ કોર્ટના નવેસરના ચુકાદાને લઈને સામાન્ય લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. વરિષ્ઠ વકીલ વૃંદા ગ્રોવર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરતી વેળા આ મુજબનો આદેશ કર્યો હતો. તેઓએ પાસપોર્ટ માટે આધારની અનિવાર્યતાને લઈને અપીલ દાખલ કરી હતી.

## ડોન દાઉદને પાકિસ્તાનમાં પુરતી સુરક્ષા મળી રહી છે : ફારૂક ટકલાની કબુલાત

**સેફ હાઉસની સુરક્ષામાં પાકિસ્તાની જવાનો તૈનાત : દુબઈથી હાલમાં ભારત લાવવામાં આવેલા દાઉદના સાથી ટકલાએ પુછપરછ દરમિયાન ચોંકાવનારી વિગતો આપી**

મુંબઈ, તા. ૧૩

વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટની ૨૫મી વરસી શાંતિપૂર્ણરીતે પસાર થઈ છે ત્યારે ડોન દાઉદને લઈને હજુ પણ ચર્ચા છે. મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર એમએનસિંહે કહ્યું છે કે, તેમને લાગે છે કે, પાકિસ્તાન માટે દાઉદ ઈબ્રાહિમ હવે કોઈ કામનો રહ્યો નથી પરંતુ દુબઈથી ગયા સપ્તાહમાં ફારુક ટકલાને લાવવામાં આવ્યા બાદ કેટલીક વિગતો સપાટી ઉપર આવી છે. ટકલાએ પાકિસ્તાન અને દાઉદના સંબંધોના સંદર્ભમાં ચોંકાવનારા ખુલાસા કર્યા છે. ફારુકે સીબીઆઈને હાલમાં ૯૩ના બોંબ બ્લાસ્ટમાં આરોપી બનાવવામાં આવ્યા બાદ વિગતો પુરી પાડી છે. ફારુક ટકલાને ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં આરોપી બનાવવામાં આવ્યા બાદ ગુટખા કાંડમાં સીબીઆઈ તેની કસ્ટડી લેશે. મુંબઈ ક્રાઈમ બ્રાંચ ૧૯૯૨ના કેજેજે શૂટઆઉટમાં તેની કસ્ટડીની માંગ કરી શકે છે જેમાં તે ૧૬ નંબરનો આરોપી રહેલો છે. સુત્રોના કહેવા મુજબ ફારુકે પુછપરછ દરમિયાન કહ્યું છે કે, દાઉદ હવે સ્થાયી રીતે પાકિસ્તાનમાં રહેવા લાગી ગયો છે. દાઉદને પાકિસ્તાનમાં પુરતી સુરક્ષા વ્યવસ્થા મળી રહી છે. સેફ હાઉસની સુરક્ષામાં પાકિસ્તાનના જવાનો લાગેલા છે. એક સમયે તે નિયમિતરીતે પાકિસ્તાન અને દુબઈ વચ્ચે અવરજવર કરતો હતો તે વખતે દાઉદના દરિયાઈ અને વિમાની રસ્તાથી દુબઈ પહોંચ્યા બાદ તેને રિસીવ કરવાનું કામ ફારુક ટકલા પોતે કરતો હતો.

## ભારત વિશ્વમાં સૌથી વધુ હથિયાર ખરીદનાર દેશ

**હાલમાં જ જારી કરવામાં આવેલા રિપોર્ટમાં દાવો : ચીન દુનિયામાં પાંચમો સૌથી મોટા નિકાસકાર દેશ છે**

નવીદિલ્હી, તા. ૧૩

ભારત વિશ્વમાં સૌથી મોટા હથિયાર ખરીદનાર દેશ તરીકે રહ્યું છે જ્યારે ચીન પાંચમાં સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે રહ્યું છે. ભારત હજુ સુધી દેશમાં ડિફેન્સ ઈન્ડસ્ટ્રી વિકસિત કરવામાં સફળ રહ્યું નથી. આના કારણે હથિયારો માટે ભારત બીજા દેશો ઉપર આધારિત રહે છે. ભારત હજુ સુધી વિશ્વના સૌથી મોટા હથિયાર અને સંરક્ષણ સાધનો ખરીદનાર દેશ તરીકે છે. ૨૦૧૩થી ૨૦૧૭ સુધી એકલા ભારતનો હિસ્સો વિશ્વના તમામ દેશો દ્વારા આયાત કરવામાં આવેલા કુલ હથિયારો પૈકી ૧૨ ટકા રહ્યો છે. દેશમાં સંરક્ષણ સાધનોના નિર્માણ નહીં કરવાના કારણે ભારતીય સેનાને લશ્કરી ઉપકરણો અને હથિયારો માટે અન્ય દેશો ઉપર આધારિત રહેવાની ફરજ પડે છે. ઈન્ટરનેશનલ આર્મ્સ ટ્રાન્સફર દ્વારા હાલમાં જ જારી કરવામાં આવેલા ડેટામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આ ડેટા મુજબ ભારત દ્વારા હથિયારોની ખરીદીમાં ૨૪ ટકાથી વધારેનો વધારો થયો છે. ૨૦૦૮થી ૨૦૧૩ની સરખામણીમાં ભારતમાં ૨૦૧૩માં ૨૦૧૭ સુધી ૨૪ ટકા વધારે હથિયારો ખરીદવામાં આવ્યા છે. ભારત બાદ આ યાદીમાં વિશ્વના ટોચના હથિયાર ખરીદનાર સાઉદી અરેબિયા, ઈજિપ્ત, યુએઈ, ઓસ્ટ્રેલિયા, ઈરાક, પાકિસ્તાન અને ઈન્ડોનેશિયાનો સમાવેશ થાય છે. ૨૦૧૩થી ૨૦૧૭ વચ્ચે ભારતે હથિયારોની જે ખરીદી કરી છે તે પૈકી ૬૨ ટકા ખરીદી રશિયા પાસેથી કરવામાં આવી છે. અમેરિકા પાસેથી ૧૫ ટકા અને ઈઝરાયેલ પાસેથી ૧૧ ટકા હથિયારો ખરીદવામાં આવ્યા છે. ભારત ઈઝરાયેલ અને રશિયા પાસેથી સૌથી વધારે હથિયારો ખરીદે છે. ચીનની વિદેશ નીતિથી મુકાબલો કરવા માટે અમેરિકાનું વલણ ભારત પ્રત્યે બદલાયું છે. અમેરિકા ભારતને પહેલાની સરખામણીમાં વધારે હથિયારો રહ્યું છે. એશિયામાં ચીનના વધતા પ્રભાવને ઘટાડવા માટે અમેરિકા ભારતને એક મજબૂત સાથી તરીકે જુએ છે. ૨૦૧૩થી ૨૦૧૭ સુધીમાં ભારતે અમેરિકા પાસેથી વધારે પ્રમાણમાં હથિયારો ખરીદ્યા છે. અમેરિકાએ ભારતના હથિયારોની ખરીદીમાં આશરે ૫૫૭ ટકાનો વધારો નોંધાયો છે. છેલ્લા એક દશકમાં અમેરિકા અને ભારત વચ્ચે ૧૫ અબજ ડોલરની હથિયારોની સમજૂતિ થઈ છે.

On the Occasion of MARRIAGE, Hastashilpi presents
હસ્તશિલ્પી
સિલ્કઇન્ડિયા™ 2018
Last 5 Days Only
Exhibition cum sale of silk products across the country
Fortune Inn Haveli Imperial Hall
(Above Radhe Sweets), Sector - 11, Gandhinagar
From 9th to 18th March 2018
Time 10.30 am to 8.30 pm
પ્રદર્શિત થનારા ઉત્પાદનો : બિહાર: ઓર્ગેનિક ટેસારી સિલ્ક સાડીઓ, સૂટ અને સ્ટોલ્સ, કર્ણાટક: ક્રિપ સિલ્ક, જોર્જિયેટ સિલ્ક, એરિની સિલ્ક અને પ્રિન્ટેડ સાડીઓ, તામિલનાડુ: કાંજિવરમ્ સિલ્ક સાડીઓ અને ડિઝાઇનર ફેન્સી સાડીઓ, આંધ્ર પ્રદેશ: ધર્મવરા, ઉપ્પડા, ગઢવાલ, મંગલગીરી અને પોચમપલ્લી સાડીઓ, ઉત્તર પ્રદેશ: મલબારી સિલ્ક, જામદની, જામવર સિલ્ક સાડીઓ અને શિફોન સિલ્ક, મહારાષ્ટ્ર: ડિઝાઇનર ડ્રેસ મટિરીયલ્સ, પંજાબ: પટિયાલા ડ્રેસ મટિરીયલ્સ, ઓરિસ્સા: સંબલપુરી, ઇક્કત, બોમકાઈ સાડીઓ, હેન્ડલૂમ સિલ્ક કોટન, છત્તીસગઢ: વિશિષ્ટ રૉ સિલ્ક સાડીઓ, કોસા સિલ્ક, ટેસ્સાર સૂટ અને દુપટ્ટા, મધ્ય પ્રદેશ: મહેશ્વરી, ચંદેરી સિલ્ક સાડીઓ અને સૂટ, પશ્ચિમ બંગાળ: બાલુચરી, ઢાકા મસલી, ગિચા સાડીઓ, બૂટિક સાડીઓ, કન્થા સાડીઓ, ઝરદોશી, આસામ: મુગા અને એરી સિલ્ક સાડીઓ, જમ્મુ-કાશ્મીર: ચિનોન સિલ્ક, ટેબી સિલ્ક પ્રિન્ટેડ સાડીઓ, પશમીના શાલ અને સૂટ, રાજસ્થાન: કોટા સિલ્ક, હેન્ડ બ્લૉક પ્રિન્ટ ડ્રેસ અને સાડી, ગુજરાત: બાંધણી ડ્રેસ અને કૂર્તા અને બીજું ઘણું બધું...
Entry Free | All Credit & Debit Cards Accepted | Contact : +91 - 85534 16929 / +91 - 97560 25995
(Registered with O/o D C (H), Ministry of Textiles,) Govt. of India
Organised by : hastashilpi


**બચત ખાતામાં મિનિમમ બેલેન્સ ઉપર એસબીઆઈની મોટી રાહત**

નવીદિલ્હી, તા. ૧૩

દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ બચત ખાતામાં સરેરાશ માસિક રકમ ન રાખવા પર દંડની રકમને આશરે ૭૫ ટકા સુધી ઘટાડી દીધી છે. નવા ચાર્જ પહેલી એપ્રિલ ૨૦૧૮થી લાગૂ કરવામાં આવશે. એસબીઆઈના આ પગલાથી ૨૫ કરોડ ગ્રાહકોને સીધો ફાયદો થશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **વામન ગોપાલ સોહની** તા. ૧૧/૩/૨૦૧૮ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૧૫/૩/૨૦૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ પટેલ વાડી, સેક્ટર-૭સી, ગાંધીનગર**

લી.

સુનીલ વામન સોહની — મેધા સુનીલ સોહની
સુધીર વામન સોહની — મોના સુધીર સોહની
સુજાતા શશિકિરણ ગુજરાતી — શશિકિરણ એન. ગુજરાતી
અભિજીત શશિકિરણ ગુજરાતી — રચના અભિજીત ગુજરાતી

મો. ૭૫૬૭૨૮૯૮૧૮, ૯૮૮૦૪૫૬૩૩૪